# DB Corp Ltd

August 31, 2021

**The Manager (Listing - CRD)**
**BSE Limited**
Phiroze Jeejeebhoy Tower,
Dalal Street, Fort,
Mumbai - 400 001.
**Scrip Code**: 533151

**The Manager (Listing Department)**
**The National Stock Exchange of India Limited**
Exchange Plaza, C-1, Block G,
Bandra Kurla Complex, Bandra (East),
Mumbai - 400 051.
**SYMBOL**: DBCORP

**ISIN: INE950I01011**

**Sub.: Compliance under Regulation 47 and Regulation 30 read with Schedule III of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 [*'SEBI Listing Regulations'*]**

**Ref.: Newspaper Publication – Notice in respect of information regarding the 25th Annual General Meeting of the Company to be held through Video Conference ('VC') / Other Audio Visual Means ('OAVM')**

Dear Sir/Madam,

Pursuant to Regulation 47 and Regulation 30 read with Schedule III of the SEBI Listing Regulations, and in compliance with General Circulars dated April 8, 2020, April 13, 2020, May 5, 2020 and January 13, 2021 issued by the Ministry of Corporate Affairs and SEBI Circulars dated May 12, 2020 and January 15, 2021, please find enclosed herewith the Notice published for the attention of the Equity Shareholders of the Company in the following Newspapers on Monday, August 30, 2021, in respect of information regarding the 25th Annual General Meeting of the Company scheduled to be held on Thursday, September 30, 2021 at 11:30 a.m. (IST) through VC/OAVM:

- Financial Express (English) - All India Editions; and
- Divya Bhaskar (Gujarati) - Ahmedabad Edition

This intimation is being made available on the website of the Company at www.dbcorpltd.com.

You are requested to take the above information on record.

Thanking you.

Yours truly,
For **D. B. Corp Limited**

D. B. CORP LIMITED

**Anita Gokhale**
**Company Secretary**
Membership Number: F4836

### ફરી એકવાર ફોન ચોરીના બનાવો બનતાં હોસ્પિટલ સિક્યોરિટી પર સવાલ

# વીએસના જુદા જુદા વોર્ડમાંથી 45 મિનિટમાં 3 મોબાઈલ ફોન ચોરાયા

ક્રાઈમ રિપોર્ટર | અમદાવાદ

વીએસ હોસ્પિટલના જુદા જુદા વોર્ડમાંથી ધોળે દિવસે માત્ર 45 જ મિનિટમાં 3 મોબાઈલ ફોનની ચોરી થતા પોલીસ દોડતી થઈ છે. જો કે આ ત્રણેય મોબાઈલ ફોનની ચોરી કરનારી એક જ ટોળકી હોવાની પોલીસને શંકા છે. હોસ્પિટલમાંથી મોબાઈલ ફોનની ચોરીની ઘટનાઓ બનતા ત્યાંની સિક્યોરિટી સિસ્ટમ ઉપર ફરી એક વખત સવાલ ઉભા થયા છે.

જીવરાજ પાર્કમાં રહેતા કીર્તિબહેન (42) 28 ઓગસ્ટને શનિવારે પતિ મનિષભાઈ ચૌહાણ સાથે વીએસ હોસ્પિટલના ત્રીજા માળે આવેલા ઓપીડી વોર્ડમાં ગયા હતા. કીર્તિબહેન મોબાઈલ ફોન બેડ ઉપર મૂકીને વોર્ડની બહાર કચરા પેટીમાં કચરો નાખવાં ગયાં હતાં. જો કે તેઓ પાછા આવ્યા ત્યાં સુધીમાં તેમનો ફોન ચોરાઈ ગયો હતો.

રામોલમાં રહેતા મોહંમદ ઘૌસે મોહંમદ નજીર શેખ(48) પણ શનિવારે બપોરે વીએસ હોસ્પિટલના સર્જીકલ વોર્ડમાં હાજર હતા અને જમવા બેઠા હતા. ત્યારે તેમણે ચાર્જીંગમાં મૂકેલો ફોન કોઈ ગઠીયો ચોરી ગયો હતો.

વાસણામાં રહેતા રણજીતભાઈ ચૌહાણ(32)એસજી હાઈવે ઉપરની ફર્નિચર શોપમાં નોકરી કરે છે. રણજીતભાઈની વીએસ હોસ્પિટલમાં સારવાર ચાલુ હોવાથી તેઓ વોર્ડ નંબર - 4 માં હાજર હતા. દરમિયાનમાં સવારે 11.30 વાગ્યે રણજીતભાઈએ બેડ પાસેના ટેબલ ઉપર ફોન ચાર્જીંગમાં મૂક્યો હતો. દરમિયાનમાં થોડા સમય પછી જોયું તો તેમનો ફોન ચોરાઈ ગયો હતો. એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં આ ત્રણેય મોબાઈલ ફોન ચોરી થયાની ફરિયાદ કરવામાં આવી છે.

વીએસ હોસ્પિટલમાં પાર્કિંગ, હોસ્પિટલ સંકુલ તેમજ હોસ્પિટલના વોર્ડની બહાર સિક્યોરિટી ગાર્ડ અને બાઉન્સરો રાખવામાં આવ્યા છે. તેમ છતાં પણ ચોરીની ઘટનાઓ રોકાતી નથી. આ પહેલા પણ હોસ્પિટલમાં પેશન્ટ તેમજ તેમના સગા સબંધીના મોબાઈલ ફોન, દાગીના અને પૈસાની ચોરીની ઘટનાઓ હદ પાર વધી ગઈ હતી. કોઈ દર્દી મૃત્યુ પામે તો તેવા કિસ્સામાં સગા સબંધીઓ હોસ્પિટલમાં તોડફોડ કરી ડોકટરો સાથે મારઝુડ કરતા હતા. આવી કોઈ ઘટના બને તે માટે વીએસ હોસ્પિટલમાં જ પોલીસ ચોકી પણ બનાવવામાં આવી છે.

## કોરોનાથી મૃત્યુ પામેલા દર્દીઓના દાગીના ચોરી થવાની પણ ફરિયાદો સામે આવી હતી

શહેરની જુદી જુદી હોસ્પિટલોમાં મૃત્યુ પામેલા કોરોનાના દર્દીઓના શરીર પરથી સોના - ચાંદીના દાગીના ઉતારી લેવામાં આવ્યા હોવાના સંખ્યાબંધ કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. જ્યારે આ જ સમય દરમિયાન હોસ્પિટલો તેમજ આઈસોલેશન સેન્ટરોમાંથી મોબાઈલ ફોન ચોરાયા હોવાના પણ સંખ્યાબંધ કિસ્સા બન્યા હતા.

## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે સોનલબેન મહેશભાઈ પટેલ, ધર્મે - હિન્દુ, ઠે. સી/૬, મંગલદીપ એપાર્ટમેન્ટ, જોધપુર ગામ, સેટેલાઈટ, અમદાવાદના એ ન્યુ ગાયત્રીનગર કો.ઓ.હા.સો.લી. વિભાગ - ૨ (કે જે સુકૃતિ ગાર્ડનના નામથી ઓળખાય છે) માં આવેલ ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં. એ-૫ ની સ.ચો.ફુટ ૨૭૩ ના ક્ષેત્રફળવાળી મીલકત તેઓની સંપુર્ણ માલિકી કબજા ભોગવટાની બોજા રહિત હોવાનું જણાવી સભાસદ તરીકે ધરાવે છે. સદર અસલ શેર સર્ટિફીકેટ ગુમ થયેલ છે અને તેમણે કોઈને આપેલ કે સોંપેલ નથી. અને કોઈનો ચાર્જ, બોજો ઉત્પન્ન કરેલો નથી તેમ જણાવી મજકુર સોસાયટી પાસેથી ડુપ્લીકેટ શેર સર્ટિફીકેટ માટે અરજી કરેલ છે. આથી ડુપ્લીકેટ શેર સર્ટિફીકેટ ઈસ્યુ કરવા સામે કોઈને વાંધો હોય તો આજથી દિન-૭ (સાત) માં દસ્તાવેજી પુરાવાઓ સહિત લેખિત જાણ આપી ખાત્રી કરી આપવી. જો તેમ કરવામાં નહીં આવે તો ડુપ્લીકેટ શેર્સ સર્ટિફીકેટ ઈસ્યુ કરવા સામે કોઈને વાંધો નથી તેમ સમજીને અમારા અસીલને સોસાયટી ડુપ્લીકેટ શેર સર્ટિફીકેટ ઈસ્યુ કરશે અને ત્યારબાદ કોઈની કાંઈ તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તા.: ૨૭.૦૮.૨૦૨૧

**કમલેશ એમ. પઢિયાર, એડવોકેટ**
ડી-502, વિશ્વ રેસીડેન્સી, વિશ્રામનગર પાસે, મેમનગર, અમદાવાદ - 380052
મો.નં.: 99099 50007

## જાહેર નોટીસ

જત ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીક્ટ અમદાવાદ - ૯(બોપલ) ના સીટી તાલુકાના મોજે ગામ થલતેજની સીમમાં આવેલ ના સર્વે નંબર ૬૫, ૫૯, ૬૪, ૬૭ પૈકી, ટી.પી. સ્કીમ નં. ૨ ફા. પ્લોટ નં. ૧૦૪/૧ પૈકી ના સબ પ્લોટ નં. ૧૦૪/૧/એ ની જમીન ઉપર મેપલ ટ્રેડ સેન્ટર આવેલ છે તેમાં ફોર્થ ફ્લોર ઉપર આવેલ ફ્લેટ નં. ૪૧૩ વાળી મીલકત મનીષકુમાર ધનસુખલાલ ભાવસારની માલિકીની આવેલ છે અને અમારા અસીલે સદરહુ મીલકત ખરીદ કરવા સારૂ ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફીકેટની માંગણી અમારી પાસે કરેલ હોવાથી સદરહું મીલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારે લાગભાગ હક્ક હિસ્સો કે હિત સંબંધ કે અન્ય કોઈપણ રીતે હક્ક દાવો હોય તો તેઓએ તેના પુરાવા સાથે નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં નીચેના સરનામે જાણ કરવી. અન્યથા મુદત વિત્યે મજકુર મીલકત ઉપર કોઈનાં કોઈપણ પ્રકારના હક્ક દાવા નથી અને હોય તો જતા કરેલ છે તેવું માનીને ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફીકેટ આપવામાં આવશે. ત્યારબાદ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર ચાલશે નહીં.

તા. ૨૫.૦૮.૨૦૨૧
અમારી મારફતે

**રાહુલ એચ. જયસ્વાલ**
**બી.કોમ., એલએલ.બી., એડવોકેટ**
એ/14, ભારદ્વાજ સોસાયટી, રાધાસ્વામી રોડ, રાણીપ, અમદાવાદ.
મો.નં.: 99247 23642

## જાહેર નોટીસ

જત ડિસ્ટ્રીક્ટ અમદાવાદ, રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ - ૧૦ (વેજલપુર) ના વેજલપુર તાલુકાના મોજે ગામ વેજલપુરની સીમના રેવન્યુ સર્વે નંબર ૪૩૧ જેનો ટી.પી. સ્કીમ નં. ૩ માં સમાવેશ થતાં ફાઈનલ પ્લોટ નં. ૨૬૮/૧ ની બીનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ ફ્લેટની સ્કીમ કે જે "પર્લ એપાર્ટમેન્ટ" ના નામથી ઓળખાય છે જે સ્કીમનાં બ્લોક નં. - એ ના બીજા માળ પર આવેલ ફ્લેટ નંબર - એ/૨૦૨ કે જેનું ક્ષેત્રફળ ૧૨૪.૪૬ ચો.વાર યાને ૧૦૪.૨૨ ચો.મી. સુપર બીલ્ટઅપ ના બાંધકામવાળી ફ્લેટ સ્વરૂપની મિલ્કત તથા સદર સ્કીમની જમીનમાં વગર વહેંચાયેલ વરાડે હિસ્સાની ૫૨.૧૧ ચો.મી. જમીન વાળી મિલ્કત (૧) મનીષ પ્રહલાદભાઈ માંડલીયા તથા (૨) ભાવના મનીષ માંડલીયા નાએ તેઓની સ્વતંત્ર માલિકીની કબજા ભોગવટાની બોજા રહીત આવેલ હોવાનું જણાવી અમારી પાસે મજકુર મિલકતનાં ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફીકેટની માંગણી કરેલ છે આથી મજકુર મિલ્કત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, અલાખો, ચાર્જ કે લીયન પોષાતો હોય તો તે અંગે દિન-૭ માં લેખિત પુરાવા સહિત રજી. પોસ્ટ દ્વારા નીચે જણાવેલ સરનામે જાણ કરવી. અન્યથા મજકુર મિલ્કત પર કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક પોષાતો નથી અને જો પોષાતો હોય તો તે અમારા અસીલની તરફેણમાં જતો (વેવ) કરેલ છે. તેમ માની લઈ મજકુર મિલ્કતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફીકેટ અમો અમારા અસીલની તરફેણમાં આપીશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર માન્ય રહેશે નહીં તેની સર્વેએ નોંધ લેવી.

અમદાવાદ, તા.: ૨૮.૦૮.૨૦૨૧

**જીતેન્દ્ર જી. જાની, M.Com, LL.M.**
**પાર્થ કે. શાહ, એડવોકેટ્સ**
23, પ્રથમ માળ, વ્રજવિહાર-3, પ્રેરણાતીર્થ દેરાસર પાસે, અશોકનગર સામે, સેટેલાઈટ, અમદાવાદ.
મો.નં.: 98242 30436

## જાહેર ચેતવણી

અમારા અસીલ અલકાબેન તે માધવસિંહ ફુલસિંહ સોલંકીની દિકરી અને રવીન્દ્રકુમાર પટેલના પત્નીનાઓની સુચનાથી આ જાહેર ચેતવણી આપી જણાવીએ છીએ કે,

અમારા અસીલના પિતા સ્વ. માધવસિંહ ફુલસિંહ સોલંકીનાઓની સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાવાળું રહેણાંકનું મકાન પ્લોટ નં. ૩૨/બી, જ રોડ, સેક્ટર-૧૯, ગાંધીનગર - ૩૮૨૦૧૯ ખાતે આવેલ. જેનો મ્યુ. ટેનામેન્ટ નં. - ૧૦૦૩એ૧૮૭૧૩ નો છે. અમારા અસીલના પિતા માધવસિંહ ફુલસિંહ સોલંકીનું તા.: ૦૯.૦૧.૨૦૨૧ ના રોજ અવસાન થયેલ છે. તેઓના અવસાન બાદ સદરહું મકાનના વારસાઈ હક્કે માલિક તથા કબજે ભોગવટેદાર તેમના પુત્રો ભરતભાઈ, અશોકભાઈ, અતુલભાઈ તથા પુત્રીઓ વસુધાબેન, અલકાબેન તમામનાઓ છે.

સદરહું મકાનમાં અમારા અસીલનો વારસાઈની રૂઈએ કાયદેસરનો હિસ્સો પોષાય છે તેમ છતાં ઉપર જણાવેલ તેમના સિવાયની વ્યક્તિઓ સદરહુ મકાન તેમની જાણ બહાર અને સંમતિ વિના તેમનો હક્ક ડુબાડવા માટે વેચવાનો પ્રયત્ન કરી રહેલા છે. જે તેમની જાણમાં આવેલ છે. જેથી અમારા અસીલની કોઈપણ પ્રકારની લેખિત સંમતિ કે સહમતી મેળવ્યા સિવાય કે તેમને જાણ કર્યા સિવાય ઉપરોક્ત મકાન બાબતે કોઈએ કોઈપણ પ્રકારના લખાણો, કરારો કે વ્યવહારો કરવા કરાવવા નહીં તેમ છતાં જો કોઈપણ પ્રકારના લખાણો, કરારો કે વ્યવહારો કરવા કરાવવામાં આવશે કે કરવામાં આવેલા હશે તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં અને તેઓની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ, તા.: ૩૦.૦૮.૨૦૨૧

**અવનીધર એમ. ઠાકોર, એડવોકેટ**
ઓફિસઃ "જીજી કુંજ બંગલો", ગાંધી આશ્રમ પાસે, અમદાવાદ - 28
મો.નં.: 99246 85049, 82000 14217

## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે મોજે-ડાંગરવા, તા.કડી, જી.મહેસાણા ની સીમના રી-સર્વે/બ્લોક નં.૨૫૪૮ (જુના સ.નં.૧૩૭૭/૨/પૈકી ૧) ની હે.આરે.૦/૩૧/૯૪ ના માપની જુની શરતની પીયત થતી ખેતીની જમીન સુથાર ઈન્દુબેન છનાલાલ, સુથાર પદમાબેન છનાલાલ, સુથાર રોહીતભાઈ છનાભાઈ ની સંયુક્ત માલિકી કબજા ભોગવટાની આવેલ છે. તથા રી-સર્વે/બ્લોક નં.૨૫૪૯ (જુના સ.નં.૧૩૭૭/૧/પૈકી ૧) ની હે.આરે.-૦/૩૩/૩૫ ના માપની જુની શરતની પીયત થતી ખેતીની જમીન પટેલ ગોવિંદભાઈ મગનદાસની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની આવેલ છે. ઉપરોક્ત જમીનો અંગે અમારી પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી ઉપરોક્ત જમીનો ઉપર કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હક્ક કે હિસ્સો, બાનાચિઠ્ઠી, કરાર, રસ્તો કે કબજો હોય તેવી વ્યક્તિઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં તમામ પુરાવાઓ સહિત લેખિતમાં નીચેના સરનામે જાણ કરવી જો તેમ કરવામાં કસુર થશે તો સમય વિત્યા બાદ ઉપરોક્ત જમીનોનું ટાઈટલ કલીયર સર્ટીફીકેટ અમારા દ્વારા ઈસ્યુ કરવામાં આવશે. ત્યારબાદ આ અંગેની કોઈનો કોઈપણ જાતનો વાંધો યા તકરાર ધ્યાને લેવામાં આવશે નહીં. જેની સર્વેએ નોંધ લેવી.

તા.૨૯.૮.૨૦૨૧
અમારી મારફતે

**એમ.એમ. મેમણ, એડવોકેટ, કડી**
ઓફિસ : પ્રાઈમ લીગલ કન્સલ્ટન્ટ ત્રણબત્તી, મેલડીમાતાના મંદિર સામે, કડી.
મો.નં.9824551270, 9898030163

## ટોરેન્ટ પાવર લિમિટેડ નોટીસ

torrent POWER

ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેઈનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનો/પોલ માઉન્ટેન્ડ ટ્રાન્સફોર્મરમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૧૦:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ થવાની શક્યતા છે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી.

**તા.૦૨/૦૯/૨૦૨૧, ગુરૂવાર:** (૧) **ચમનપુરા** : ચમનપુરા પમ્પ-(DIST) - SS, અસારવા હાઉસીગ-૧ - SS, (૨) **ઈસનપુર:** પટેલ એસ્ટેટ - PMT, પટેલ ટીમ્બર - PMT, (૩) **સેક્ટર-૨૮:** રાજ એપાર્ટમેન્ટ -TR, (૪) **ભટ્ટા વાસણા:** જવાહર ઓ.ડી.-(DIST)-SS, સ્વામિનારાયણ એવેન્યુ(અંજલી સીનેમા), (૫) **રામદેવ નગર:** દ્વારકેશ(થલતેજ)-SS. **તા.૦૩/૦૯/૨૦૨૧, શુક્રવાર:** (૧) **વસ્ત્રાલ:** સહજાનંદ રેસીડેન્સી-SS, (૨) **હાંસોલ:** એ.એમ.સી.આંબાવાડી ડ્રેનેજ પમ્પીગ, (૩) **ઈસનપુર:** રાજાભાઇ ટીમ્બર -PMT, રૂપલ એસ્ટેટ-PMT, વિવેક આઇસ -PMT, (૪) **મણિનગર:** રાજદીપ કોમ્પલેક્ષ -SS, (૫) **મોટેરા સ્ટેડીયમ રોડ:** એશ પોન્ડ -TR, (૬) **ગુલાબ ટાવર:** નિલય એપાર્ટમેન્ટ(સોલા રોડ) -SS, (૭) **થલતેજ ગામ:** સુદીપ બંગલો -SS, ઓર્ચીડ પાર્ક (થલતેજ) -PMT

**અસુવિધા બદલ દિલગીર છીએ**

વીજ કનેક્શનની જાણકારી, ઓનલાઈન બિલ ચૂકવણી અને અન્ય સુવિધાઓ
Mobile APP | connect.torrentpower.com @ connect.ahd@torrentpower.com | 6655 1912 2255 1912

## જાહેર નોટીસ

ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ - ૧૦ (વેજલપુર)ના વેજલપુર તાલુકાના મોજે ગામ વેજલપુર ના ટી.પી. નં. ૫, ફા. પ્લોટ નં. ૧૩૬ નો સીટી સર્વે નં. ૨૪૮ ની બિનખેતી જમીન ઉપર સુદર્શન કોલોની કો.ઓ.હા.સો.લી. આવેલ છે. જે "સુદર્શન કોલોની કો. ઓ. હા. સો. લી." તરીકે ઓળખાય છે. તેમાં આવેલ બંગલા પૈકી બંગલા નં. ૨૬, જેનું પ્લોટનું ક્ષેત્રફળ ૨૪૦ ચો.મી. છે. જેમાં આવેલ ૧૧૦ ચો.મી.ના બાંધકામવાળી મિલકતના માલિક શ્રીમતી નિરંજના ઈશ્વરલાલ કોઠારીની માલિકી કબજા ભોગવટાની આવેલ છે. જે સદરહુ મિલકત અંગે સોસાયટી દ્વારા અસલ શેર સર્ટિફીકેટ નં. ૨૬ થી શેર નં. ૧૨૬ થી ૧૩૭ ઈસ્યુ કરવામાં આવેલ જે સદરહુ મિલકતના શેર સર્ટિફીકેટના હક્કો સહિતની સદરહુ મિલકત પોતાની સંયુક્ત માલિકી, કબજા ભોગવટાની બોજા રહિત અને માર્કેટેબલ હોવાનું જણાવી, સદરહુ મિલકત અમારા અસીલ શ્રી ગૌરાંગ ભરતભાઈ પટેલને વેચાણ આપવાનું નક્કી કરેલ હોઈ, અમારા અસીલે સદરહુ મિલકતનું અમારી પાસે ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા અંગે અભિપ્રાય / સર્ટિફીકેટની માંગણી કરેલ છે. જેથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે ઉપરોક્ત જણાવેલ મિલકતમાં કોઈપણ વ્યક્તિ, બેંક, સંસ્થાનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, અલાખો, બોજો, લીયન, ચાર્જ, ગીરો, બાનાખત, ભરણપોષણનો હક્ક કે અન્ય કોઈપણ નાણાંકીય સંસ્થા કે બેંકનો બોજો વિગેરેનો હક્ક પોસાતો હોય તો અમોને અમારા ઉપરોક્ત જણાવેલ સરનામે પુરાવા સહિત રજીસ્ટર્ડ એડી. થી કે જાતે દિન - ૭ માં જાણ કરવી તેમ કરવામાં કસુર થયેથી સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન, ચાર્જ પોસાતો નથી અને જો પોસાતો હોય તો તે જતો યાને વેવ કરેલ છે, તેમ સમજી માની મુદત વિત્યેથી અમારા અસીલને સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર, ચોખ્ખા અને માર્કેટેબલ હોવા અંગેનું રેકર્ડ પરથી અભિપ્રાય આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ, તા.: ૨૮.૦૮.૨૦૨૧
મારી મારફતે

**બીકે લીગલ ફર્મ**
**એસ.વી. ભાદાણી એન્ડ**
**એચ.કે. જાડેજા, એડવોકેટ્સ**
207, બીજો માળ, લોહાભવન, જુની હાઈકોર્ટ પાસે, ઈન્કમટેક્ષ, આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ-380009

## જાહેર ચેતવણી/નોટીસ

આથી અમારા અસીલ શ્રી સૈયદ મુખત્યારહુસેન ખીલાફતહુસેન બુખારી તે સજ્જાદાનશીન. હઝરત પીર શાહેઆલમ (રહે.) દરગાહના રહે. હુસેની ચોક સામે, વટવા, અમદાવાદની સૂચના અને ફરમાઈશથી જાહેર જનતા અને ત્રાહિતોને જાહેર ચેતવણી / નોટિસ આપી જણાવીએ છીએ કે,

હઝરતપીર શાહેઆલમ દરગાહમાં આવેલ કબ્રસ્તાનમાં અગાઉ મુસામીયા રઝવીએ ખોટો વહીવટ કરી એકબીજાની મેળાપીપણામાં રૂપિયા લઈ ખોટી ત્રાહિત વ્યક્તિઓની દફનવીધી કરાવેલ છે અને હાલમાં એ જ કૃત્યો ખોટા બની બેઠેલા ટ્રસ્ટીઓ દ્વારા શાહેઆલમ દરગાહમાં આવેલ કબ્રસ્તાનમાં ખોટી ત્રાહિત વ્યક્તિઓની મરણ પછી દફનવીધી કરાવવાના કારણે અમો શાહી સૈયદ બુખારીઓની આવતી પેઢીઓને મરણ પછી તેમના હક્કની દફનવીધી માટેની જગ્યા ન મળે તે રીતના કૃત્યો કરાવવામાં આવી રહેલ છે અને ખોટા બની બેઠેલા ટ્રસ્ટીઓ દ્વારા તેમના મળતીયા ત્રાહિત વ્યક્તિઓથી શાહેઆલમ દરગાહમાં પુરાતત્વ જોગવાઈઓ વિરૂદ્ધનું બાંધકામ કરાવી બકરા બંધાવી પવિત્ર દરગાહમાં ગંદકી અને દખલગીરી કરાવવામાં આવી રહેલ છે.

જેથી આ જાહેર ચેતવણી / નોટીસ આપી તાકીદ કરીએ છીએ કે, સૈયદ મોહંમદ સીરાજુદ્દીન બુખારી શાહેઆલમ (રહે.) ના વંશજો (૧) સીરાજઅલી નજુમીયા (૨) સૈયદઅલી સરદારમીયા (૩) બરકતઅલી નજરઅલી (૪) કમરઅલી અનવરઅલી (૫) મુર્તુઝામીયા ગુલામરઝા (૬) જેનુમીંયા ગુલામરઝા (૭) મહંમદમીયા ગુલામરઝા (૮) અમીરુદ્દીન નજુમીયા (૯) સજ્જાદહુસેન ગુલામનબી (૧૦) દિલાવરહુસેન સૈયદઅહેમદ (૧૧) બાપુસાબ અમીરસાબમીયા (૧૨) મુસામીયા ઈમામ હૈદરબક્ષ (૧૩) મંજુરહુસેન તહારતહુસેન (૧૪) ભીરૂમીયા છોટુમીયા (૧૫) કાઝમઅલી અસગરઅલી (૧૬) મહંમદઅલી હસનઅલી (૧૭) જાફરઅલી નિઝામઅલી (૧૮) લતફતહુસેન ગોહરઅલી (૧૯) શબ્બીરઅલી ગુલામહૈદર આ મર્હુમ વડવાઓ શાહી સૈયદ બુખારીઓના વંશજો, દિકરાના દિકરાના વંશજોના મરણ પછી દફનવીધી કરવા દેવામાં આવશે. તે સિવાય કોઈપણ ત્રાહિત વ્યક્તિઓએ શાહેઆલમ દરગાહમાં પુરુષો અને સ્ત્રીઓનું અલગ અલગ આવેલ કબ્રસ્તાનમાં કોઈપણ દફનવિધિ કરવાની પેરવી પ્રવૃત્તિ કરવાની કે, કરાવવાની નથી. જો અમો શાહી સૈયદ બુખારી વંશજોની આવતી પેઢીને મરણ પછી દફનવીધી માટેની શાહેઆલમ દરગાહના કબ્રસ્તાનની જમીન જગ્યાની અછત ઉભી થાય અને દફનવીધી માટે જગ્યા જમીન ન મળે તેવી પ્રવૃત્તિઓ શાહેઆલમ દરગાહમાં દખલગીરી કરનાર કરાવનારની સામે કાયદેસરનાં ફોજદારી રાહે પગલા ભરીશું જેના જે પણ પરિણામ આવે તેની સંપુર્ણ જવાબદારી શાહેઆલમ દરગાહના કબ્રસ્તાનમાં ત્રાહિત વ્યક્તિઓની દફનવિધિ કરવાની કરાવવાની પેરવી પ્રવૃત્તિ કરનાર મદદગારી કરનાર જે તે ત્રાહિત ઈસમોના શીરે રહેશે જેની ગંભીર નોંધ લેવી.

સ્થળ: અમદાવાદ, તા.: ૨૮.૦૮.૨૦૨૧
મુખત્યાર હુસેન બુખારી
મારી મારફતે

**એમ.એસ. મહેતા, એડવોકેટ**
3, મહાશ્વેતા કામ્બરી સોસાયટી, એસ.એમ. રોડ, આંબાવાડી, અમદાવાદ-380015

## ડી.બી. કોર્પ લિમિટેડ

DB Corp Ltd

**સીઆઈએન:** L22210GJ1995PLC047208
**રજીસ્ટર્ડ ઓફિસ:** પ્લોટ નં. 280, સરખેજ - ગાંધીનગર હાઈવે, વાયએમસીએ ક્લબ પાસે, મકરબા, અમદાવાદ - 380 051, ગુજરાત | **ફોન:** 022-71577000 **ફેક્સ:** + 91 22 7157 7093
**ઈ-મેલ:** dbcs@dbcorp.in વેબસાઈટ: https://dbcorpltd.com

### 25 મી વાર્ષિક સામાન્ય સભા વીડિયો કોન્ફરન્સિંગ / અન્ય ઓડિયો વિઝ્યુલ માધ્યમો દ્વારા યોજાશે અને બુક બંધ સંદર્ભે માહિતી

1. **વાર્ષિક સામાન્ય સભા વિડીયો કોન્ફરન્સિંગ/અન્ય ઓડિયો વિઝ્યુલ માધ્યમો દ્વારા:**
તમોને જાણ કરવામાં આવે છે કે કોવિડ-19 સંક્રમણ ચાલી રહ્યું છે ત્યારે, **25મી (પચ્ચીસ) વાર્ષિક સામાન્ય સભા** ('એજીએમ') ડી.બી. કોર્પ લિમિટેડ ('ધ કંપની') ની ગુરૂવાર **30 સપ્ટેમ્બર, 2021 ના સવારે 11.30 (IST)** વિડીયો કોન્ફરન્સિંગ ('વીસી') / અન્ય ઓડિયો વિઝ્યુલ માધ્યમો ('ઓએવીએમ') સભ્યોની પ્રત્યક્ષ એક સ્થળે ઉપસ્થિતિ વગર યોજાશે. જે કંપની કાયદો, 2013 ('ધ એક્ટ') ની લાગુ જોગવાઈઓ સાથે અને સિક્યુરીટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (જવાબદારી અને જાહેર કરવાની જરૂરિયાતની યાદી) નિયમન, 2015 ('સેબી લિસ્ટિંગ રેગ્યુલેશન') જનરલ સરક્યુલર નં. 14/2020 તારીખ: 8 એપ્રિલ, 2020, 17/2020 તારીખ: 13 એપ્રિલ, 2020, 20/2020 તારીખ: 5 મે, 2020 અને 02/2021 તારીખ: 13 જાન્યુઆરી, 2021 કોર્પોરેટ બાબતોનું મંત્રાલય ('એમસીએ') દ્વારા ઈસ્યુ અને સેબી સરક્યુલર નં. SEBI / HO / CFD / CMD1 / CIR / P / 2020 / 79 તારીખ: 12 મે, 2020 અને SEBI / HO / CFD / CMD2 / CIR / P / 2021 / 11 તારીખ: 15 જાન્યુઆરી, 2021 અનુક્રમે સાથે વંચાણે લઈને અને એમસીએ અને સેબી (સામૂહિક રીતે ઉલ્લેખિત 'સરક્યુલર') જેમાં તારીખ: 13 ઓગસ્ટ, 2021 ની એજીએમ નોટીસમાં દર્શાવેલ ઓડિનરી અને સ્પેશ્યલ કામગીરી હાથ ધરવામાં આવશે.
2. **ઈ-મેલ દ્વારા નોટીસ અને વાર્ષિક અહેવાલ રવાના:**
ઉપર દર્શાવેલ સરક્યુલરને અનુસરતા કાયદાની કલમ 102 ની જોગવાઈને અનુસરતા યોજાનાર એજીએમની નોટિસ વિવરણાત્મક નિવેદન સાથે અને નાણાંકીય વર્ષ 2020-21 નો વાર્ષિક અહેવાલ નિયત સમય મર્યાદામાં ઈ-મેલ દ્વારા તમામ સભ્યોને જેમનું ઈ-મેલ એડ્રેસ કંપની / રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ્સ / ડિપોઝીટરી હિસ્સેદાર પાસે નોંધાયેલ છે તેમને મોકલવામાં આવશે. વાર્ષિક અહેવાલ સાથે એજીએમની નોટીસ કંપનીની વેબસાઈટ: https://dbcorpltd.com, રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટની વેબસાઈટ કેફિન ટેક્નોલોજીસ પ્રાઈવેટ લિમિટેડ ('Kfintech or 'RTA') વેબલિંક: https://evoting.kfintech.com અને તે સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ જ્યાં કંપનીના ઈક્વિટી શેર લિસ્ટેડ છે ત્યાં જોઈ શકાશે. દા.ત. અનુક્રમે બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ https://www.bseindia.com અને https://www.nseindia.com.
3. **એજીએમમાં ઈલેક્ટ્રોનિક વોટીંગ અને હિસ્સેદારી:**
સભ્યો એજીએમમાં VC/OAVM સગવડતા દ્વારા https://emeetings.kfintech.com થી હાજર અને ભાગ લઈ શકશે. એજીએમમાં જોડાવા માટેની સૂચના એજીએમની નોટીસમાં આપવામાં આવી છે. કંપની એજીએમના સ્થળ સિવાયની જગ્યાએથી સભ્યોને ઈલેક્ટ્રોનિક વોટીંગ સિસ્ટમનો ઉપયોગ કરીને તેમનો મત આપવાની સગવડતા પુરી પાડશે ('રીમોટ ઈ-વોટીંગ'), 25 મી એજીએમમાં VC/OAVM દ્વારા ભાગ લેવાશે અને 25મી એજીએમ દરમ્યાન ઈલેક્ટ્રોનિકલી મત આપી શકશે ('ઈ-વોટીંગ'), કાયદાની કલમ 103 હેઠળ જે સભ્યો VC / OAVM દ્વારા એજીએમમાં જોડાશે તેમની એજીએમના કોરમ ગણતરીના હેતુસર ગણતરીમાં લેવામાં આવશે.
4. **ઈ-મેલ એડ્રેસ નોંધાવવા/સુધારવાની પદ્ધતિ:**
- જે સભ્યો પ્રત્યક્ષ શેર ધરાવે છે અને જેમણે તેમના ઈ-મેલ એડ્રેસ કંપનીમાં સુધરાવ્યા નથી તેમને વિનંતી કરવામાં આવે છે કે તેઓ રજીસ્ટ્રાર એન્ડ ટ્રાન્સફર એજન્ટને **einward.ris@kfintech.com** અથવા કંપનીને **dbcs@dbcorp.in** ઉપર નામ, સરનામું, ફોલિયો નંબર, ઈ-મેલ એડ્રેસ અને સભ્યનો મોબાઈલ નંબર, પાન કાર્ડની સેલ્ફ એટેસ્ટેડ સ્કેન કોપી અને કોઈપણ દસ્તાવેજ (જેમ કે ડ્રાઈવીંગ લાઈસન્સ, ચૂંટણી ઓળખકાર્ડ, પાસપોર્ટ વગેરે) સભ્યના એડ્રેસના સહયોગમાં સાથે સાઈન રીક્વેસ્ટ લેટરની કોપી સાથે લખી જણાવે.
- સભ્યો ડિમટીરિયલાઈઝ્ડ પદ્ધતિથી શેર ધરાવે છે તેમને વિનંતી કરવામાં આવે છે કે તેમના ઈ-મેલ એડ્રેસ ડિપોઝીટરી પાર્ટીસિપેન્ટન્ટ ('ડીપી') પાસે રજીસ્ટર/અપડેટ કરાવે.

સભ્યો કંપની પાસેથી 25મી એજીએમની નોટીસ અને વાર્ષિક અહેવાલ અને ભવિષ્યની વિગતો મેળવવા ઈચ્છતા હોય તેમણે તેમના ઈ-મેલ એડ્રેસ તેમના ડીપીએસ અથવા કેફિનટેક પાસે નીચેની સૂચના મુજબ નોંધણી કરાવી શકે છે.

| | |
|---|---|
| પ્રત્યક્ષ ધારક | સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેમના ઈ-મેલ એડ્રેસ કેફિનટેક પાસે નોંધણી કરાવે einward.ris@kfintech.com |
| ડીમેટ ધારક માટે | તેમને કહેવામાં આવેલ પ્રક્રિયા અનુસરીને સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમના ઈ-મેલ એડ્રેસ તેમના ડીપી સાથે નોંધાવે |
| કામચલાઉ નોંધણી માટે વાર્ષિક અહેવાલ મેળવવા માટે | સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે લિંક: https://ris.kfintech.com / clientservices / mobilereg / mobileemailreg.aspx ઉપર ક્લિક કરી આરટીએ દા.ત. કેફિનટેક સાથે તેમનું ઈ-મેલ એડ્રેસ નોંધાવો |

5. **સભ્યો દ્વારા મત આપવાની પદ્ધતિ:**
કંપની તેના તમામ સભ્યોને કેફિનટેક ની રિમોટ ઈ-વોટીંગ સુવિધા પૂરી પાડી રહી છે - જેથી આગામી નોટીસમાં નક્કી કરાયેલા ઠરાવો પર એજીએમ દ્વારા ઈલેક્ટ્રોનિક રીતે મતદાન કરી શકે. આ ઉપરાંત, કંપની મિટીંગ દરમ્યાન ઈલેક્ટ્રોનિક પદ્ધતિથી મતદાન સગવડતા પુરી પાડશે. આ માટે વિગતવાર પ્રક્રિયા નોટીસમાં પુરી પડાશે.
6. **ડિવિડન્ડ ઈલેક્ટ્રોનિકલી મેળવવા માટે આદેશ નોંધણીની પદ્ધતિ:**
સેબીના નિર્દેશ પ્રમાણે, ડિવિડન્ડ ઈલેક્ટ્રોનિક પદ્ધતિથી સભ્યોને ચૂકવવો કે જેમણે તેમની બેંક એકાઉન્ટની વિગતો અપડેટ કરી હોય. કંપની પાસે બેંક એકાઉન્ટ વિગતો ઉપલબ્ધ ન હોવાથી સભ્યોને ઈલેક્ટ્રોનિક મોડથી ડિવિડન્ડ ચૂકવવામાં અસમર્થ છે, કંપની આવા સભ્યોને કંપની પાસે ઉપલબ્ધ રજીસ્ટર્ડ સરનામે ડિવિડન્ડ વોરંટ / ચેક / ડિમાન્ડ ડ્રાફ્ટ ને પોસ્ટ / કુરીયર દ્વારા, કોવિડ - 19 સંક્રમણની સ્થિતિમાં ઉપલબ્ધ સ્મુધ પોસ્ટલ / કુરીયર સર્વિસીસ દ્વારા રવાના કરે છે.
ડિવિડન્ડ મોડો મળવાનું ખાળવા માટે, સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે જો તેઓ પાસે ડિમટીરિયલાઈઝ્ડ મોડમાં શેર હોય તો તેઓ તેમની વિગતો ડીપી પાસે સંપૂર્ણ બેંક વિગતો અપડેટ કરાવે અને જો પ્રત્યક્ષ રૂપે શેર હોય તો કેફિનટેક પાસે einward.ris@kfintech.com ઉપર નામ, ફોલિયો નંબર, બેંક વિગતો, પાનકાર્ડ અને કેન્સલ ચેકની સેલ્ફ એટેસ્ટેડ કોપી સાથે અપડેટ કરાવે.
સભ્યો ધ્યાનમાં લે કે ઈન્કમટેક્સ કાયદો, 1961 (ધ 'આઈટી એક્ટ') અનુસાર, ફાઈનાન્સ કાયદો 2020 સુધારા પ્રમાણે ડિવિડન્ડની આવક સભ્યો માટે કરપાત્ર છે અને કંપની આઈટી કાયદામાં દર્શાવેલા રેટથી સભ્યોને ચૂકવવાના ડિવિડન્ડમાંથી ટેક્સ એટ સોર્સ ('ટીડીએસ') કાપે છે. સામાન્ય રીતે ટીડીએસ આવશ્યકતાઓનું પાલન સક્ષમ કરવા માટે, સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે આઈટી કાયદા પ્રમાણે તમારા નિવાસની વિગતો, પાન, કક્ષાને ડીપી સાથે અથવા પ્રત્યક્ષ સ્વરૂપે શેર હોય તો કંપની / આરટીએ પાસે જરૂરી દસ્તાવેજો પીડીએફ / જેપીજી ફોર્મેટમાં ઈ-મેલ einward.ris@kfintech.com ને પુરા પાડો અથવા જરૂરી દસ્તાવેજો લીંક https://ris.kfintech.com/form15/ ઉપર અપલોડ કરો.
કર-કપાત અંગે વિગતવાર માહિતી અને ફ્રિક્વન્ટલી આસ્ક્ડ ક્વેશ્ચન ('FAQs') માટે, લાગુ કર દરનો લાભ ઉઠાવવા માટે દર્શાવેલ કર દર અને દસ્તાવેજો / જરૂરી ફોર્મ માટે, સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે મુલાકાત લો કંપનીની વેબસાઈટ વેબ-લિંક https://dbcorpltd.com.
7. **સહાયતા:**
VC/OAVM પદ્ધતિથી એજીએમમાં ઉપસ્થિત રહેવામાં કોઈ ક્વેરી અને / અથવા સહાયતા જોઈતી હોય તો સભ્યો જુએ Help & FAQs એન્ડ 'AGM VC / OAVM' યુઝર મેન્યુલ ઉપલબ્ધ છે ડાઉનલોડ સેક્શન https://evoting.kfintech.com / અથવા સંપર્ક કરો: dbcs@dbcorp.in અથવા શ્રી નવીન મુથયાલા, ડેપ્યુટી મેનેજર, કેફિનટેક તેમને ઈ-મેલ વિનંતી મોકલો naveen.muthyala@kfintech.com અથવા evoting@kfintech.com અથવા કોલ કેફિનટેક ટોલ ફ્રી નં.: 1800 309 4001 વધુ સ્પષ્ટતા માટે.
આ નોટીસ એમસીએ અને સેબીના લાગુ સરક્યુલર અનુસાર કંપનીના તમામ સભ્યોને માહિતી અને લાભ માટે ઈસ્યુ કરવામાં આવી છે.

બોર્ડના આદેશ અનુસાર
**ડી.બી. કોર્પ લિમિટેડ** માટે
સહી/-
**અનિતા ગોખલે**
**કંપની સેક્રેટરી**

**સ્થળ:** મુંબઈ
**તારીખ:** ઓગસ્ટ 30, 2021

## પશ્ચિમ રેલવે વિવિધ સ્ટેશનો માટે સ્પેશ્યલ ટ્રેન્સને પૂર્વવત, દોડાવશે અને લંબાવશે

| ટ્રેન નં. | પ્રારંભિક અને ગંતવ્ય સ્થળ | શરૂ તારીખ | સેવાના દિવસો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|---|
| **વડોદરા ⇌ અમદાવાદ (સંકલ્પ ફાસ્ટ પેસેન્જર સ્પેશ્યલ - અનરિઝર્વ્ડ)** | | | | | |
| 09495 | વડોદરા - અમદાવાદ | દા.ત. 03.09.2021 | દરરોજ | 06.30 કલાકે | 08.55 કલાકે (તે જ દિવસે) |
| 09496 | અમદાવાદ - વડોદરા | દા.ત. 03.09.2021 | દરરોજ | 15.00 કલાકે | 17.45 કલાકે (તે જ દિવસે) |
| **હોલ્ટ્સ:** વલસાડ, આણંદ, નડિયાદ, મહેમદાવાદ ખેડા રોડ, બારેજડી નાંદેજ અને મણીનગર સ્ટેશન્સ બંને બાજુ. | | | | | |
| **મહેસાણા ⇌ વિરમગામ (અનરિઝર્વ્ડ)** | | | | | |
| 09487 | મહેસાણા - વિરમગામ | દા.ત. 03.09.2021 | દરરોજ | 09.20 કલાકે | 10.50 કલાકે (તે જ દિવસે) |
| 09488 | વિરમગામ - મહેસાણા | દા.ત. 03.09.2021 | દરરોજ | 07.00 કલાકે | 08.30 કલાકે (તે જ દિવસે) |
| **હોલ્ટ્સ:** લિંચ, જોટાણા, કટોસણ રોડ, દેત્રોજ, ભંકોડા અને જક્સી સ્ટેશન્સ બંને બાજુ. | | | | | |
| **મહેસાણા ⇌ વિરમગામ (અનરિઝર્વ્ડ)** | | | | | |
| 09491 | મહેસાણા - વિરમગામ | દા.ત. 03.09.2021 | દરરોજ | 19.30 કલાકે | 21.00 કલાકે (તે જ દિવસે) |
| 09492 | વિરમગામ - મહેસાણા | દા.ત. 03.09.2021 | દરરોજ | 17.25 કલાકે | 18.50 કલાકે (તે જ દિવસે) |
| **હોલ્ટ્સ:** કટોસણ રોડ, દેત્રોજ અને ભંકોડા સ્ટેશન્સ બંને બાજુ. | | | | | |
| **ઓખા ⇌ રાજકોટ (અનરિઝર્વ્ડ)** | | | | | |
| 09480 | ઓખા - રાજકોટ | દા.ત. 03.09.2021 | દરરોજ | 21.30 કલાકે | 04.45 કલાકે (બીજા દિવસે) |
| 09479 | રાજકોટ - ઓખા | દા.ત. 04.09.2021 | દરરોજ | 23.20 કલાકે | 06.00 કલાકે (બીજા દિવસે) |
| **હોલ્ટ્સ:** મીઠાપુર, દ્વારકા, ભાટિયા, ભોપાલકા, ભાટેલ, ખંભાળીયા, કાનાલુસ, લાખાબાવળ, જામનગર, હાપા, અલિયાવાડા, જામ વંથલી, હડમતિયા અને પડધરી સ્ટેશન્સ બંને બાજુ. | | | | | |
| **પોરબંદર ⇌ સોમનાથ (અનરિઝર્વ્ડ)** | | | | | |
| 09529 | પોરબંદર - સોમનાથ | દા.ત. 03.09.2021 | દરરોજ | 05.45 કલાકે | 11.35 કલાકે (બીજા દિવસે) |
| 09530 | સોમનાથ - પોરબંદર | દા.ત. 03.09.2021 | દરરોજ | 14.40 કલાકે | 21.15 કલાકે (બીજા દિવસે) |
| **હોલ્ટ્સ:** રાણાવાવ, તરસાઈ, વાંસજાળિયા, કટકોલા, બલવા, જામ જોધપુર, પાનેલી મોટી, ભાયાવદર, ઉપલેટા, સુપેડી, ધોરાજી, જેતલસર, વડાલ, જુનાગઢ, શાપુર, લુશાલા, બડોદર, કેશોદ, માળિયા હાટીના, ચોરવાડ રોડ અને વેરાવળ સ્ટેશન્સ બંને બાજુ. | | | | | |

**ઉપરોક્ત ટ્રેન આગામી સૂચના સુધી અનરિઝર્વ્ડ સ્પેશ્યલ ટ્રેન્સ તરીકે દોડશે**

### સ્પેશ્યલ ટ્રેનનું સંચાલન

**અમદાવાદ ⇌ મુઝફ્ફરપુર (અઠવાડિક ફેસ્ટિવલ સ્પેશ્યલ)**

| ટ્રેન નં. | થી | સુધી | ફ્રિક્વન્સી | સુધી નોટિફાઈડ | સુધી એક્સટેન્ડેડ |
|---|---|---|---|---|---|
| 05270 | અમદાવાદ | મુઝફ્ફરપુર | શનિવાર | 28.08.2021 | આગામી સૂચના સુધી |
| 05269 | મુઝફ્ફરપુર | અમદાવાદ | ગુરૂવાર | 26.08.2021 | આગામી સૂચના સુધી |

### સ્પેશ્યલ ટ્રેનનું સંચાલન

**વાંકાનેર ⇌ મોરબી**

| ટ્રેન નં. | થી | સુધી | ફ્રિક્વન્સી | પુનઃસંચાલન દા.ત. |
|---|---|---|---|---|
| 09441 | વાંકાનેર | મોરબી | દરરોજ | 03.09.2021 આગામી સૂચના સુધી |
| 09444 | મોરબી | વાંકાનેર | દરરોજ | 03.09.2021 આગામી સૂચના સુધી |

હોલ્ટ સંબંધિત વિસ્તૃત સમય માટે, મહેરબાની કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો.

યાત્રીઓને બોર્ડિંગ, યાત્રા અને ગંતવ્ય સ્થળે પહોંચ્યા દરમ્યાન COVID-19 સંબંધિત દરેક માનદંડો અને એસઓપીનું પાલન કરવાની સલાહ આપવામાં આવે છે.

ટ્રેન નં. 05270 માટેનું બુકિંગ 30.08.2021ના રોજ થી નિર્ધારીત PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર ખુલ્લુ છે.

**પશ્ચિમ રેલવે**
www.wr.indianrailways.gov.in
અમને લાઈક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: twitter.com/WesternRly

મહેરબાની કરીને દરેક રિઝર્વ્ડ ટિકિટ માટે ઓળખપત્ર સાથે રાખો